## આવતીકાલે ભાજપા પ્રદેશ મીડીયાનો એક દિવસીય વર્કશોપ

ગાંધીનગર, તા. ૧૯

પ્રદેશ મીડીયા સેલ એક યાદીમાં જણાવે છે કે, તા. ૨૧ મે, ૨૦૧૫ને ગુરૂવારના રોજ પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશ ભાજપાનો એક દિવસીય વર્કશોપ યોજાશે.

પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે યોજાનારા આ વર્કશોપમાં રાજ્યભરમાંથી ટી.વી. ચેનલોમાં ડીબેટમાં જનારા ૪૦ થી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે.

આ વર્કશોપમાં આગામી અઠવાડિયામાં ભાજપાની કેન્દ્ર અને રાજ્ય સરકારનું એક વર્ષ પૂર્ણ થવાનું છે. આ ઉપલક્ષ્યમાં 'વર્ષ એક, કામ અનેક' સૂત્રને યથાર્થ કરતાં કેન્દ્રીય પદાધિકારી અને પ્રદેશના પદાધિકારીઓ દ્વારા આ બેઠકમાં માર્ગદર્શન અપાશે.



## ખેડબ્રહ્મા તાલુકા સેવા સદનના બગીચામાં આગ

ખેડબ્રહ્મા ખાતેના તાલુકા સેવા સદનમાં આગળની બાજુએ લોકોની સગવડતા માટે બગીચો બનાવેલ છે. જેમાં મંગળવારના રોજ કોઈએ બીડી પીધા બાદ અંદર નાખી દેતા સુકા ઘાસમાં આગ પકડાઈ જતા અડધો બગીચો બળી ખાખ થઈ ગયો હતો. સત્વરે નગરપાલિકાના ફાયર ફાઈટરને જાણ કરતાં ફાયર ફાઈટરના કર્મચારીએ આગ હોલવી હતી. **(તસવીર : રમેશ વૈષ્ણવ)**

## સુશાસન દ્વારા ગતિશીલ ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારનો નવતર અભિગમ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતનો વિકાસ ૩૬૦ ડિગ્રીનો છે...વિકાસના આ વર્તુળના કેન્દ્રમાં પ્રજા કલ્યાણ હોવાના કારણે ગુજરાતની નીતિઓ... વહિવટી કાર્યરીતિઓ લોકોના કલ્યાણને અનુલક્ષીને અમલમાં મૂકાય છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સમાજના જરૂરતમંદ વર્ગોના સર્વાંગી વિકાસને પૂરતું પ્રાધાન્ય આપ્યું છે અને તેના કારણે જ સમાજના વિવિધ વર્ગોના અવિરત વિકાસને કારણે આજે ગતિશીલ ગુજરાતનું નિર્માણ થયું છે. મુખ્યમંત્રીશ્રીએ સત્તાના સુત્રો સંભાળતાની સાથે જ જરૂરતમંદ વર્ગોના વિકાસ આડેના અંતરાયોને શોધવાની શરૂઆત કરી... વિકાસની આ મથામણની ફળશ્રુતિને કારણે જ ગતિશીલ ગુજરાતનો કાર્ય એજન્ડા અમલમાં આવ્યો.

**પોલીસી ડ્રિવન સ્ટેટ તરીકે ગુજરાતે દેશભરમાં ક્રેડિટ મેળવી છે**

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના કુશળ, કર્મઠ અને પરિણામલક્ષી નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારની એક વર્ષની વિકાસ યાત્રા વિકાસના એક નવા જ આયામ ઉપર પહોંચી છે..સતત ગતિશીલતા એ ગુજરાતના વિકાસના પાયાનું તત્વ છે. મુખ્યમંત્રીશ્રીએ સૌ પ્રથમ વખત મહિલા સશક્તિકરણ માટે જેન્ડર બજેટના ખ્યાલને મૂર્તિમંત કર્યો. વર્ષ ૨૦૧૪૧૫માં મહિલા સશક્તિકરણની દિશામાં પ્રથમ જેન્ડર બજેટ ગુજરાત સરકારે આપ્યું. જેમાં ૧૦૦ ટકા મહિલાલક્ષી ૮૭ યોજનાઓ તૈયાર કરવામાં આવી. વર્ષ ૨૦૧૫૧૬માં સતત બીજા વર્ષે ૧૦૦ ટકા મહિલાલક્ષી ૧૩૨ યોજનાઓમાં રૂ.૨૦૦૦ કરોડથી વધારાનું પ્રાવધાન કરવામાં આવ્યું.

રાજય સરકારે સ્ત્રી સશક્તિકરણની દિશામાં મહત્વના નિર્ણયો લીધા. પોલીસ સહિતની તમામ સરકારી કેડરમાં ૩૩ ટકા મહિલા અનામતનો અમલ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે એટલું જ નહિ, આ રાજય સરકાર દ્વારા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામત ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યું. રાજયમાં મહિલાઓની સુરક્ષા માટે હેલ્પ લાઈન શરૂ કરનારું ગુજરાત પ્રથમ રાજય છે. ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા નારી સુરક્ષા ક્ષેત્રે ગુજરાતે એક મહત્વનું કદમ ભર્યું છે.

રાજય સરકારે સામાજિક ક્ષેત્રના વિકાસ માટે પૂરતું ધ્યાન આપ્યું છે. વર્ષ ૨૦૧૪૧૫ના બજેટમાં રાજયના કુલ આયોજનમાં સામાજિક ક્ષેત્રે ૪૮.૮ ટકા ફાળવણી ઉપરાંત સતત બીજા વર્ષે ૨૦૧૫૧૬માં કુલ આયોજનમાં સામાજિક ક્ષેત્રે ૪૮.૫ ટકા ફાળવણી કરવામાં આવી છે.

રાજય સરકારે મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાનો વ્યાપ વધારીને બીપીએલ પરિવાર ઉપરાંત રૂ. ૧.૨૦ લાખની વાર્ષિક આવક ધરાવતા રાજયના તમામ કુટુંબો આવરી લઈને સ્વાસ્થ્ય કવચ પૂરું પાડવાની ' મા વાત્સલ્ય યોજના શરૂ કરાઈ જેના કારણે સમાજના બહોળા વર્ગને આરોગ્ય સુરક્ષા કવચ પૂરું પાડવાના રાજય સરકારનાં સંકલ્પની સિદ્ધિ થઈ શકી છે.

## ઈડર ખાતે ચોવીસી ત્રિવેદી બ્રાહ્મણ સમાજનો રજત જયંતિ મહોત્સવ ઉજવાયો

હિંમતનગર, તા.૧૯

સમગ્ર વિશ્વમાં પર્યાવરણ જાગૃતિ તથા પાણીના બચાવ માટે અનેક સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્ય કરી રહી છે ત્યારે ઈડર ખાતે રવિવારે યોજાયેલ ચોવીસી ત્રિવેદી બ્રાહ્મણ સમાજના રજત જયંતિ મહોત્સવમાં ઉપસ્થિત લોકોએ પાણીનો બગાડ નહિ કરીએ, વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરવાના સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે તેજસ્વી તારલા તથા મહિલા અગ્રણીઓનું સન્માન કરાયુ હતું.

ઈડર ખાતે ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજને ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવની ઉજવણી રવિવારે અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પરિષદ છાત્રાલયના પ્રમુખ અનિલકુમાર દેવશંકર ત્રિવેદી, અલ્પેશકુમાર અશોકકુમાર ત્રિવેદી, સંજય ઉમાકાન્ત ભટ્ટ, સંજયભાઈ ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય, પ્રો. નરેશકુમાર કૃષ્ણલાલ ઉપાધ્યાય, ડૉ. પિનાકીન એન. ત્રિવેદી સહિત અગ્રણીઓ તથા અતિથિ વિશેષ મહાનુભાવોની ઉપસ્થિતિ વચ્ચે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ નર્મદભાઈ ત્રિવેદી, મંત્રી હસમુખભાઈ જોષી, રજત જયંતિ મહોત્સવના સંયોજક પ્રભાશંકરભાઈ જોષી, ઋષિરાજભાઈ ભટ્ટ સહિત અનેક કાર્યકર્તાઓ તથા સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રમુખ નર્મદભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યુ હતું કે બ્રાહ્મણ સમાજ સંગઠતિ થઈ સમાજ માટે કામ કરશે તો સમાજનું આર્થિક, સામાજિક ઉત્થાન થશે. આપણે સૌ પાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરી વધુ વૃક્ષો વાવીને પર્યાવરણનું રક્ષણ કરવું જોઈએ. ઉનાળામાં વિકટ બનતી પીવાના પાણીની સમસ્યાના નિવારણ માટે સમાજના સૌ કોઈ લોકોએ ભેગા મળીને સંકલ્પ કરીએ કે પાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરીશું, વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણનું જતન કરીશું.

## ચાંદરણીના યુવાનને ગાડીની લાલચ આપી લૂંટી લીધો

હિંમતનગર, તા.૧૯

હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામના કમલેશભાઈ ભુપતજી ચૌહાણના દિકરા વિપુલને કેટલાક શખ્સોએ ઈનામમાં ફરારી ગાડી લાગી છે તેવી લાલચ આપી હિંમતનગરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા શાખામાં રૂા.૪૪૫૦૦ ભરાવીને ઉપાડી લીધા હતા. ફરારી ગાડીની લાલચમાં પોતે છેતરાયો હોવાની ઘટના માલૂમ પડતા વિપુલના પિતાએ શનિવારે ગાંભોઈ પોલીસ મથકમાં ચાર શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા ગાંભોઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ગાંભોઈ પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર હિંમતનગર તાલુકાના ચાંદરણી ગામે રહેતા કમલેશભાઈ ભુપતજી ચૌહાણના દિકરા વિપુલને ગત તા.૨૮/૧૧/૧૪થી તા.૧/૧૨/૧૪ દરમિયાન કેટલાક લોકોએ ફોન કરી તમને ઈનામમાં ફરારી ગાડી લાગેલી છે. તે ગાડી લેવી હોય તો હિંમતનગરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા શાખામાં નાણાં જમા કરાવવા જણાવ્યુ હતું.

ફરારી ગાડી લેવાની લાલચમાં વિપુલે હિંમતનગર સિવિલ નજીક આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા શાખામાં તા.૨૮/૧૧/૧૪થી રૂા.૧૦૫૦૦, રૂા.૨૫૦૦૦, રૂા.૯૦૦૦ મળી કુલ રૂા.૪૪૫૦૦ની રકમ જમા કરાવી હતી. પરંતુ આજદિન સુધી ફરારી ગાડી ન મળતા વિપુલની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાયુ હતું. આ અંગે વિપુલના પિતા કમલેશભાઈ ભૂપતજી ચૌહાણે રીતુ વર્મા, સંજીવકુમાર, સુભાષ વર્મા, સુભાષ યાદવ નામના શખ્સો વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિ સમક્ષ ગુજકોટોક બીલ અંગે રજુઆત કરશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળ ૨૩મીએ રાષ્ટ્રપતિને મળીને ગુજકોટોક બીલ નામંજુર કરવા અંગે રજુઆત કરશે.

આ અંગેની વિગતો આપતાં ગુજરાત કોંગ્રેસના વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતું કે રાજયપાલ દ્વારા ગુજકોટોકનું બીલ રાષ્ટ્રપતિને મંજુરી માટે મોકલવામાં આવ્યું છે. આ માર્કેટીંગ શેનું કરી રહ્યા છે? એવું કહેવા માંગતા હશે કે અમે તો આવો કાયદો લાવવા માંગીએ છીએ પરંતુ વિરોધપક્ષ કરવા દેતો નથી. હકીકતમાં જે તે વખતે કેન્દ્રમાં અને રાજયમાં ભાજપની સરકાર હતી તેમના મુખ્યમંત્રી તેમના જ ગવર્નર અને અડવાણીજી સત્તામાં હોવા છતાં આ બીલ પરત મોકલવામાં આવ્યું હતું. એટલે કે આમાં કંઈક ખોટું છે માટે જે તે વખતે કોઈ પણ કક્ષાએ મંજુરી મળી નહોતી.

તેમણે જણાવ્યું હતું કે આજની ભાજપ સરકારે પુનઃ ગુજકોટોકનું બીલ પસાર કરી રાષ્ટ્રપતિ સુધી મંજુરી માટે મોકલી અપમાનિત કરવાની જરૂર નહોતી ભાજપને આમાં ડખો કરવામાં જ રસ છે. આ બંધારણના આર્ટિકલની જોગવાઈઓ નીચે જે તે વખતે બીલને મંજૂર કરવામાં આવેલ ન હતું.

આગામી ૨૩મીએ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ધારાસભ્યો પ્રદેશ આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ રાષ્ટ્રપતિને મળીને રજુઆત કરશે.

ભાજપની કેન્દ્ર સરકારના એક વર્ષના શાસન બાબતોમાં આપ શું મુલ્યાંકન કરવા માંગો છો? તેવા પત્રકારોએ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે આનું મુલ્યાંકન કોંગ્રેસે કરવાનું નથી. મૂલ્યાંકન તો દેશની જનતાએ કરવાનું છે કે જે લોકોએ ઉમળકાથી અને ભાષણોથી અંજાઈને મત આપ્યા છે. ભાજપે કાળું ધન રોજગારી વીજળી અને વિકાસના ખોટા વચનો આપીને લોકોને ભરમાવા અને લોકોને ભ્રમિત કરનારા ભાષણો કરી મત મેળવી સત્તા હાંસલ કરી લીધી.

## મેડીટીંબાના ખેડૂતનું વીજ કરંટ લાગતા મોત

હિંમતનગર, તા.૧૯

હિંમતનગર તાલુકાના મેડીટીંબા ગામના તલુસિંહ તખતસિંહ મકવાણાને ગત તા.૨૩મી એપ્રિલના રોજ વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતું. જોકે ગાંભોઈ પોલીસે ચાર શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે ગાંભોઈ પી.એસ.આઈ. બી.જી.સિસોદીયાના જણાવ્યા અનુસાર હિંમતનગર તાલુકાના મેડીટીંબા ગામે તલુસિંહ તખતસિંહ મકવાણા પોતાના પરિવાર સાથે ખેતીનો વ્યવસાય કરતા હતા. મેડીટીંબા ગામના જ મોતીસિંહ સવગસિંહ પરમાર, વનરાજસિંહ કલુસિંહ પરમારે પોતાના ખેતરમાં મગફળી તથા મકાઈનું વાવેતર કર્યુ હતું અને ખેતરોના ફરતે લાકડાના ખૂંટા રોપી લોખંડના ખુલ્લા વાયરો લગાડી વીજ કરંટ પસાર કર્યો હતો અને જો કોઈ વ્યકિત આ વીજ કરંટલને અડે તો તેનું મોત નિપજે છે, તેની જાણ હોવા છતાં તેમણે પોતાના ખેતરના પાક બચાવવા માટે ખુલ્લો વીજ વાયર લગાવ્યો હતો. એ અરસા દરમિયાન તલુસિંહ તખતસિંહ મકવાણાને ગત તા.૨૩મી એપ્રિલના રોજ વીજ કરંટ લાગતા તેનું મોત નિપજયુ હતું.

જોકે ખેતરમાં બનેલી આ ઘટના બાદ ગોબરસિંહ માલસિંહ પરમાર, મોતીસિંહ સવગસિંહ પરમાર, વનરાજસિંહ કલુસિંહ પરમાર, સુરભા ધુળાભાઈ ખરાડી (તમામ રહે.મેડીટીંબા)એ ભેગા મળીને વીજ કરંટથી મૃત્યુ પામેલા ખેડૂત તલુસિંહ તખતસિંહની લાશ ઉંચકીને મરનારના ખેતરમાં મૂકીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો અને એકબીજાની મદદગારી કરી હોવાના મામલે ગાંભોઈ પોલીસે વીજ કરંટની આ ઘટનામાં મૃત્યુ પામેલા ખેડૂત તુલસિંહ તખતસિંહની પત્નિ વિણાબેન તલુસિંહની ફરિયાદના આધારે ચાર આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી ગાંભોઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## એનએસઈમાં સક્રિય રોકાણકારોની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો

ગત એક વર્ષમાં ભારતનાં લગભગ સર્વ રાજયોમાંથી એનએસઈનાં રોકાણ કરવાનું પ્રમાણ વધી રહ્યું છે. બે સિવાયનાં સર્વ રાજયોએ ઈક્વિટી બજારમાં રોકાણમાં મજબૂત વધારો નોંધાવ્યો છે. મહારાષ્ટ્ર, ગોવા અને ગુજરાતનો સમાવેશ ધરાવતા દેશના પશ્ચિમી ભાગમાં ગત એક વર્ષમાં સક્રિય રીતે ટ્રેડિંગ કરનારા રોકાણકારોમાં ૩૨ ટકાનો વધારો નોંધાયો છે. ભારતમાં શેરબજારમાં આશરે ૨.૫ કરોડ ગ્રાહકો નોંધાયા છે.

પ્રાથમિક આંકડાવારી સૂચવે છે કે મહારાષ્ટ્રે રિટેઈલ ગ્રાહક ટ્રેડિંગમાં સૌથી વધારો નોંધાવ્યો છે. ગત એક વર્ષમાં એનએસઈ મંચ પર ટ્રેડિંગ કરનાર રોકાણકારોની સંખ્યામાં ૩૮ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે ગુજરાતમાંથી મૂલ્યની દષ્ટિએ ૫૦ ટકાથી વધુ ઉછાળો જોવા મળ્યો છે.

રોકાણકારોનો સહભાગ વધી રહ્યો છે તે સાથે મુંબઈ ભારતની આર્થિક રાજધાની હોઈ મૂલ્યની દષ્ટિએ પણ મહારાષ્ટ્ર ભારતના ઈક્વિટી કેસ માર્કેટ સેગમેન્ટમાં સર્વોચ્ચ પ્રમાણમાં યોગદાનકર્તા રહ્યું છે. અન્ય પારંપારિક મુખ્ય રાજ્યોમાં કોલકત્તા, દિલ્હી વગેરેમાં પણ વૃદ્ધિ ચાલુ રહી છે.

## શબ્દાવલી - ૫૭૩૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | |
| | ■ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ■ |
| ■ | ૧૨ | | | ■ | ■ | ૧૩ | ૧૪ |
| ૧૫ | | ■ | ■ | ૧૬ | ૧૭ | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | | | ■ |
| | ■ | ૨૩ | | ■ | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. ગરજાઉ, ગરજુડુ (૪)
૪. જયા..., એક દેવી (૩)
૭. અંજન, મેશ (૩)
૮. જાહેરાત (૪)
૯. કાર્ય, કર્મ, માટે (૨)
૧૧. નીચું, નમેલં (૨)
૧૨. કેરી અને આંબળામાં ખાંડ નાખી બનાવાતી વાનગી (૩)
૧૩. નદીની પહોળાઇ, પડ્દો(૨)
૧૫. ત્વરાથી, ઝડપથી (૩)
૧૬. ત્રાજવું (૨)
૧૮. નાની ડીશ, કપ... (૩)
૧૯. સતત, એક ધારુ (૪)
૨૧. બંદુક, રીવોલ્વર (૨)
૨૨. સ્પેરપાર્ટ્સ (૪)
૨૩. ચુરમાના - બુંદીના.. બને(૨)
૨૪. દ્દોઢી કે ત્રાંસી આંખવાળી(૨)

### ઊભી ચાવી

૧. ધાર્યુ ઠેકાણું, મંઝીલ (૩)
૨. ખાવામાં વપરાતું લાડકુ(૨)
૩. લલકારવું તે (૪)
૪. સવિશેષ જ્ઞાન, શાસ્ત્રીય જ્ઞાન (૩)
૫. યોગ, સાધના (૪)
૬. વિમાન, અવકાશ... (૨)
૧૦. પહેરણ, લેંઘા પર પહેરે તે (૨)
૧૨. મુસ્કુરાહટ (૪)
૧૪. રશિયો, ધારા, શેર (૩)
૧૫. તલાક, છુટાછેડા (૪)
૧૬. હિન્દુઓનાં પવિત્ર મનાતો છોડ (૩)
૧૭. કર હિન્દીમાં, વેરો (૩)
૨૦. વખાણને હિન્દીમાં... કહેવાય (૩)
૨૨. મડ્દુ (૨)

### શબ્દાવલી ૫૭૩૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) પાધરો (૪) પરદેશ (૭) રમજાન (૯) સની (૧૦) તાબૂત (૧૧) ઘરબાર (૧૩) રોતલ (૧૪) અજ (૧૬) ઘોબો (૧૭) મુસકાન (૧૯) કોસ (૨૦) શાંકુતલ (૨૧) પલાશ (૨૨) મા

**ઊભી ચાવી :-** (૧) પારસમણી (૨) ધમની (૩) રોજા (૫) રફતાર (૬) શપત (૮) નફરત (૧૧) ઘરોબો (૧૨) બાલમુકુંદ (૧૪) અકાલ (૧૫) જન (૧૬) ઘોસલા (૧૮) સત (૧૯) કોપ

### કુપોષણ મુક્તિ અભિયાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાશે તો ન્યુટ્રીશ્યન રિહેબીસીટેશન સેન્ટરમાં ન્યુટ્રી થેરોપી પર દાખલ કરવામાં આવશે.

ગુજરાતમાં કુપોષણથી પિડાતા બાળકોની સંખ્યાને લઈ સતત વિવાદો રહ્યા છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરી પણ વિવાદિત રહી છે. હવે સરકારે આ કુપોષણ મુક્તિ અભિયાનની સમગ્ર જવાબદારી પુનઃ આરોગ્ય વિભાગને સોંપવાનો નિર્ણય કર્યો છે. આને લઈ પણ સચિવાલયના કર્મચારીઓમાં તર્ક વિતર્ક ચાલી રહ્યા છે.

### નામો એક સરખા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંકળી સંપૂર્ણ સ્વચ્છ મતદારયાદી બનાવવાની વાત છે. તેમણે જણાવ્યુ હતુ કે નવા નોંધાયેલા મતદારે કલર ફોટોગ્રાફસ આપવાનો રહેશે જેથી જે સ્માર્ટકાર્ડ આપવાનું છે તેમાં તકલીફ પડે નહિ.

તેમણે જણાવ્યુ હતુ કે બી.એલ.ઓ. દ્વારા ઘરે ઘરે જઈ આધારકાર્ડ નંબર નોંધવાનું તેમજ ડુપ્લીકેટ મતદારો જણાયા છે તેની ચકાસણીની કામગીરી ચાલી રહી છે. ૩૦-૬ સુધી આ કાર્યક્રમ ચાલવાનો છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલે મતદાર યાદીની નકલ રાજકીય પક્ષોને ચૂંટણી સિવાય પણ ઉપલબ્ધ બને તેવો આગ્રહ રાખ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે જે મતદારોના નામ એક સરખા જણાયા છે તેની યાદી પણ રાજકીય પક્ષોને આપવી જોઈએ.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે મતદારયાદી સુધારણા ઝુંબેશ દર વર્ષે યોજાય છે આ વિશિષ્ટ ઝુંબેશ છે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાના પાંચેય વિધાનસભા મત વિસ્તારની ૧૦૦ ટકા ફોટો ધરાવતી મતદારયાદી તૈયાર કરવામાં આવેલી છે.

આ બેઠકમાં પ્રાંત અધિકારી શ્રી રાકેશ વ્યાસ, શ્રી પાડલિયા તેમજ મતદાર નોંધણી અધિકારીઓ અને રાજકીય પક્ષોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ધીમી કામગીરી ચાલી રહી હોવાની ફરિયાદ પણ ઉઠી હતી.

શહેરમાં સ્થળાંતર કરી ગયેલા મતદારોની અરજીઓ પણ સ્વીકારી અને નવા મતદારકાર્ડ આપવામાં આવે તેવી રજુઆત પણ પક્ષોના પ્રતિનિધિઓએ કરી હતી. મતદાર યાદીની સુધારણા અંગેની વિગતો પણ સમયાંતરે જાહેર કરવી જોઈએ જેથી થઈ રહેલી કામગીરીની જાણકારી મળી રહે.

આધારકાર્ડ બધાની પાસે ઉપલબ્ધ નથી તેમજ તેની કીટો પણ ઉપલબ્ધ નથી આ સંજોગોમાં તંત્રએ મિશન મોડ પર આ કામગીરી હાથ ધરવી જોઈએ તેવી રજુઆત પણ રાજકીય પક્ષોએ કરી હતી. આધાર કાર્ડ માટે ખાસ કેમ્પોનું આયોજન કરવુ જોઈએ. યુવા મતદારો પાસે જ આધારકાર્ડ ઓછા હોવાનું જણાયુ છે. તેથી શૈક્ષણિક સંકુલો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત આગામી દિવસોમાં કરાશે તેમ તંત્રના અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી.

### સ્વચ્છતા હરિફાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. મંત્રીશ્રીએ 'સ્વચ્છાગ્રહ અભિયાન' અંતગર્તની હોસ્પિટલ સ્વચ્છતા હરિફાઈ ભારતભરની સૌથી મોટી હરિફાઈ બની રહેશે એમ પણ જણાવ્યું હતું.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલીન ઈન્ડિયાના સપનાંને સાકાર કરવા સ્વચ્છતાનું જન અભિયાન દેરભરમાં શરૂ કર્યુ છે તેના ભાગરૂપે અમદાવાદની અદાણી એકટ સંસ્થા દ્વારા 'સ્વચ્છાગ્રહ' ના કન્સેપ્ટ સાથે રાજય સરકારની હોસ્પિટલમાં સ્વચ્છતા ઝૂંબેશ અને સ્વચ્છતા હરિફાઈ યોજવાનું નક્કી કર્યુ છે. આ ઝૂંબેશ પાછળ રાજયની આરોગ્ય સંસ્થાને વધુ સ્વચ્છ અને કાર્યક્ષમ બનાવવાનો છે.

આ અભિયાન અંતર્ગત તમામ આરોગ્ય સંસ્થાઓનું સ્વચ્છતા મૂલ્યાંકન સર્વેક્ષણ કરાશે. ઉત્તમ સ્વચ્છતા પ્રણાલીઓને પ્રોત્સાહન અપાશે. 'સ્વચ્છાગ્રહ મોબાઈલ વાન' દ્વારા ખાસ માર્ગદર્શક-પ્રોત્સાહન અપાશે. આ અંગેની બેઠકમાં આરોગ્ય વિભાગના ઉચ્ચઅધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

### દંડ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નહિ. જિલ્લામાં માત્ર ૫૦૦ રૂ. નો દંડ થયો હોવાની વાતને લઈ તેમણે તંત્રની ઉદાસીનતા અંગે સખ્ત નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આરોગ્ય સત્તાવાળાઓ જ ઉદાસીનતા દાખવશે તો ક્યાં જઈ કહેવું ?

તેમણે શાળા આરોગ્ય ચકાસણીમાં તમાકુનુ સેવન કરનારા જે બાળકો મળ્યા છે તેમને વ્યસનમુક્ત બનાવવા વિશેષ કાઉન્સીલીંગ કરવુ જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત વ્યસન મુક્તિનું વિશેષ અભિયાન પણ જનજાગૃતિ માટે અલગથી યોજવુ જોઈએ તેમ જણાવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તંત્રની ઉદાસીન કામગીરી અંગે નારાજગી વ્યક્ત કરી હતી તેમજ કેચરીઓમાં ધુમ્રપાન પ્રતિબંધના સૂચનાત્મક બોર્ડ સત્વરે લાગે તે જોવા આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ જિલ્લા તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કૌભાંડમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે ચાર દિવસના રીમાન્ડ પુરા થતાં સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા સેશન્સ કોર્ટમાં સંજય ગુપ્તા અને રાઘેશ ભટ્ટને રજુ કરવામાં આવ્યા હતા. જો કે પોલીસ દ્વારા વધુ રીમાન્ડની માંગણી કરવામાં આવી ન હતી.

પોલીસે વધુ રીમાન્ડ ન માંગતા કોર્ટે સંજય ગુપ્તા અને રાઘેશ ભટ્ટને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

સંજય ગુપ્તા દ્વારા કોર્ટમાં એક અરજી કરીને મીડીયામાં આ અંગે કવરેજ પર રોક મુકવાની માંગણી કરી છે. આ ઉપરાંત અન્ય એક અરજી પણ કરવામાં આવી છે. સંજય ગુપ્તા દ્વારા કરવામાં આવેલી અરજી પર વધુ સૂનવણી ૨૧મી પર રાખવામાં આવી છે.

### મુક્તિધામની મુલાકાતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. જુસિકાએ આ બાબતને ગંભીરતાથી લઈ લાયબ્રેરીનું નિર્માણ કરતા હાલ અનેક યુવાન વિદ્યાર્થીઓના જીવન-કારકિર્દી ઘડતરમાં તે ઉપયોગી બની રહી છે તે જોઈ હંસાબેને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ માટે તેમણે જુસિકાને બિરદાવતા જરૂરી સહકાર આપવાની ખાત્રી આપી હતી. આ ઉપરાંત જુસિકા દ્વારા પીવાના પાણી માટે આર ઓ પ્લાન્ટ, બગીચા માટે સફાઈ મશીન તેમજ ડસ્ટબીન, સોલાર સ્ટ્રીટ લાઈટ, અગ્નિશામક ભઠ્ઠાની સડી ગયેલ એકઝોસ્ટ સીસ્ટમ વગેરે અંગે રજૂઆતો કરી હતી. મેયર હંસાબેન અને નાયબ કમિશનરે પણ આ રજૂઆતો અંગે સકારાત્મક પ્રતિભાવ આપતા સત્વરે સોલાર સ્ટ્રીટ લાઈટના ૩ થાંભલા નાંખવાનું અને લોખંડ તથા લાકડાના કલાત્મક બાંકડા મુકી આપવાનું વચન આપ્યુ હતુ. આ ઉપરાંત અગ્નિશામક ભઠ્ઠાની એકઝોસ્ટ સીસ્ટમને રીપેર કરાવી આપવાનું જે હકીકતમાં મનપાની જ જવાબદારીમાં આવે છે તેની પણ ખાત્રી આપી હતી. બાકીના પ્રશ્નો અંગે પણ ઘટતુ કરવાની મેયર તેમજ નાયબ કમિશનરે બાંહેધરી આપતા જુસિકાના કાર્ય અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

જુસિકા તરફથી મુક્તિધામ ખાતે નગરમાં કોઈપણ જગ્યાએ ઘાયલ થયેલા કે તરછોડાયેલા નાના પશુપક્ષીઓની યોગ્ય સાર સંભાળ લેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં સાજા થાય ત્યાં સુધી સારવારની જવાબદારી લેવાની ખાત્રી વ્યક્ત કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ મુક્તિધામ ખાતે ૪ ઈમુ પક્ષી, ૪૦ સસલાં અને ૮ લવ બર્ડસ તેમજ પોપટ વગેરેનું કાયમી ધોરણે જતન કરાઈ રહ્યું છે.

### સ્વતંત્રતા અપાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાકભાજીનું ઓપન બજારમાં સ્પર્ધાત્મક ભાવે પોતાની ઈચ્છા મુજબ વેચાણ કચેરીને આર્થિક રીતે વધુ પગભર બનશે.

વધુમાં નિયંત્રિત જણસીઓ સિવાયનો વેપાર બજાર સમિતીઓએ બજાર સમિતીમાં કરવા દેવાનો રહેશે બજાર સમિતીએ વેપાર માટે પુરી પાડેલી સવલતો માટે બજાર ફીને બદલે વપરાશ ચાર્જ (યુઝર ચાર્જ) દર એકસો રૂપિયે ઓછામાં ઓછા ત્રીસ પૈસા અને વધુમાં વધુ બે રૂપિયા સુધી ખરીદનાર વેપારી પાસેથી વસૂલી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ફળ અને શાકભાજી નિયંત્રિત જણસી તરીકે આ અગાઉ જાહેર કરેલ હોવાથી કોઈપણ વેપારી બજાર સમિતીનું લાયસન્સ લીધા સિવાય અને બજાર સમિતી સિવાય ફળ અને શાકભાજીની ખરીદી કરી શકતા નહી જેથી ખેડૂતના ફળ અને શાકભાજીનું સ્પર્ધાત્મક વેચાણ પૂર્ણ રીતે જઈ શકતું નહોતું. માત્ર લાયસન્સદાર વેપારીઓ જ ખરીદી કરી શકતા હોવાથી કેટલીક બજાર સમિતીઓમાં વેપારીઓની ઈજારાશાહી જોવા મળતી હતી, તો કેટલાક વખત ગણ્યા ગાંઠયા વેપારીઓ રીંગ બનાવી ખેડૂતના ખેત ઉત્પન્નની પુરતી વેચાણ કિંમત થવા દેતા ન હતા. હવેથી ફળ અને શાકભાજીનું મુકત રીતે વેચાણ થતા ખેડૂતોને વધુ સ્પર્ધાત્મક હરીફાઈનો લાભ મળશે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ પણ મળશે.

આ જોગવાઈથી ખેડૂત અને વેપારીઓ સાથે સાથે ગ્રાહકોને પણ ફાયદો થશે. તેમજ બજાર સમિતીઓ બજાર ફીને બદલે યુઝર ચાર્જીસ લઈ શકશે. જેથી બજાર સમિતીઓને પણ પ્રતિકૂળ અસર પડશે નહી. વધુમાં ફળ અને શાકભાજીને નિયંત્રિત જણસીઓમાંથી રદ કરવાથી હવે રાજયની બજાર સમિતીઓને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભ પણ મળશે. તેમ ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્રના નિયામકશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.